શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૫ અંક : ૮
ઓગસ્ટ : ૨૦૨૩

મેરી માટી મેરા દેશ મહોત્સવની ઉજવણી...

૭૭માં સ્વાતંત્રપર્વની ઉજવણી...

સ્વાતંત્રપર્વની પૂર્વસંધ્યાએ SGVP ગુરુકુલ ખાતે યોજાયેલ 'મેરી માટી મેરા દેશ' મહોત્સવ પ્રસંગે મૃતિકાકુંભની યાત્રા તથા પૂજન, તેમજ આ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, સંતો, જાણીતા ઉદ્યોગપતિ જિન્દાલ બંધુ. આ પ્રસંગે સહીદ જવાનના પરિવારનું સન્માન કરાયું હતું.

અધિકમાસ દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના વ્યાસાસને રીબડા ખાતે યોજાયેલ સત્સંગિજીવન કથા તથા સંસ્કાર કેન્દ્ર વાવડી ખાતે યાજોયેલ હનુમંત કથામાં ઉપસ્થિત ભક્તજનો - રાજકોટ

અધિકમાસ દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના વ્યાસાસને દ્રોણેશ્વર ખાતે યોજાયેલ સત્સંગિજીવન કથામાં ઉપસ્થિત પૂજ્ય મુક્તાનંદ બાપુ, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા ભક્તજનો

અધિકમાસ દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના વ્યાસાસને SGVP ખાતે યોજાયેલ સત્સંગિજીવન કથામાં ઉપસ્થિત ભારતીય સેનાના જવાનો તથા સમૂહ આરતિ કરતા ઉપસ્થિત ભક્તજનો

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
• પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ •
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૫, ઓગસ્ટ : ૨૦૨૩, અંક : ૦૮

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

તમ સંગ લાગી રે...

સખી ગોકુળ ગામનું ભાગ્ય, નવ જાયે કળિયું રે;
વ્હાલે સર્વે લોકથી સરસ, કર્યું નંદ ફળિયું રે...ટેક૦

સખી નિત્ય નિત્ય નંદને દ્વાર ઉત્સવ થાય રે;
ઊટે આનંદ કેરી છોળ, ગોપીઓ ગાય રે...સખી-૧

સખી ધન્ય આ ભૂમિના ભાગ્ય, જ્યાં હરિ નાચે રે;
તેને નીરખી ગોપી ગોવાળ, રંગમાં રાચે રે...સખી-૨

સખી સ્નેહની નજરે નાથ, સહુને ભાળે રે;
ઘણું મગન કર્યાં મસ્તાન, કા'નડ કાળે રે...સખી-૩

સખી નિત્ય નિત્ય આનંદ કેળ્યા, કરે અવિનાશી રે;
જેનાં દર્શન કારણ દેહ, દમે વનવાસી રે...સખી-૭

સખી શારદા નારદ શેષ, વ્રજરજ વંદે રે;
જી હાં મુક્તાનંદનો નાથ, રમે આનંદે રે...સખી-૫

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

SwaminarayanGurukul | GurukulParivar
swaminarayangurukul.org | darshan@sgvp.org

પતિવ્રતા ભાવે ભક્તિ

- સ્વામી માધવપ્રિયદાસ

વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્રો વગેરે સર્વશાસ્ત્રોમાં સર્વ કારણનાં કારણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનું જ ધ્યાન-ઉપાસન કરવાનો પ્રબોધ કર્યો છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે પણ 'अक्षरात् परतः परः' 'માયાથી પાર જે અક્ષર અને અક્ષરથી પર જે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની જ ઉપાસના પ્રવર્તાવી છે.'

વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે, "રામાનુજ સ્વામીએ જેવી રીતે ક્ષર-અક્ષર થકી પર જે પુરુષોત્તમ ભગવાન તેનું નિરૂપણ કર્યું છે તે પુરુષોત્તમ ભગવાનને વિષે અમારે ઉપાસના છે." (વચ.લો.૧૪)

ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે, "એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણનાં પણ કારણ છે, સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે." (વચ.ગ.અં.૩૮)

આ રીતે શુભાશ્રય અને સર્વ કારણનાં કારણ ભગવાન પુરુષોત્તમ નારાયણની અનન્યભાવે ધ્યાન-ઉપાસન, ભક્તિ કરવા એ જ એકાંતિકી ભક્તિ છે, એ જ એકાંતિક ભક્તનો ધર્મ છે, એ જ ભગવત્કૃપાની પ્રાપ્તિ અને આત્યંતિક કલ્યાણનું સાધન છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ વચનામૃતમાં આ વાત પતિવ્રતા સ્ત્રીના દૃષ્ટાંતથી સમજાવે છે.

"કેવળ ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ હોય એ પતિવ્રતાની ભક્તિ છે." (વચ.ગ.પ્ર.૨૯)

"જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાના પતિ વિના બીજે ઠેકાણે વૃત્તિ ડોલે નહીં ને એક પોતાના પતિને વિશે જ પ્રીતિ રાખે તેમ તે ભગવાનનો ભક્ત તે પતિવ્રતાની પેઠે પોતાના પતિ એવા જે ભગવાન તેને વિશે જ પ્રીતિ રાખે." (વચ.લો.૨)

"અને ભગવાનનું જ ધ્યાન કરવું અને તે વિના બીજા કોઈ દેવનું ધ્યાન ન કરવું. બીજું, જે સાધુ સિદ્ધ ગતિને પામ્યા હોય ને સમાધિનિષ્ઠ હોય તેનું પણ ધ્યાન ન કરવું." (વચ.ગ.મ.૧૯)

"જેમ હનુમાનજી રઘુનાથજીના ભક્ત છે, તે રામાવતાર પછી બીજા કેટલાક ભગવાનના અવતાર થયા છે પણ હનુમાનજીને રામચંદ્રજીને વિશે જ પતિવ્રતાના જેવી ભક્તિ રહી છે."

"એવી રીતે જે ભગવાનના ભક્તની ટેક હોય તેની પતિવ્રતાના જેવી ભક્તિ કહેવાય." (વચ.ગ.અં.૧૬)

જે સમયે જે ભક્તોને જે જે અવતાર સ્વરૂપોમાં નિષ્ઠા થઈ તે તે ભક્તોએ તે તે સ્વરૂપોમાં આવી જ ટેક રાખી છે. સૂર, મીરાં અને તુલસી એનાં ઉદાહરણો છે.

કેટલાક લોકો એકમાત્ર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ઉપાસનાને બદલે 'અક્ષરપુરુષોત્તમની ઉપાસના'ની વાત કરે છે, તે નથી વચનામૃત સંમત કે નથી શાસ્ત્ર સંમત.

જેમ લગ્નનાં માંડવે પતિવ્રતા સ્ત્રી પતિને જ વરે છે પણ અણવર કે અન્ય કોઈને નહિ, એજ રીતે માત્ર એક પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જ વરણીય છે, પરંતુ અક્ષરબ્રહ્મ વગેરે બીજું કોઈ નહિ.

ઉપાસનામાં પુરુષોત્તમ નારાયણની સાથે અક્ષરાદિકને ઉમેરવાથી પતિવ્રતાધર્મનો ભંગ થાય છે.

અક્ષરાદિક મુક્તો ગમે એટલા મહાન હોય, છતાં સ્વામિસેવકભાવે જ પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરે છે.

વચનામૃતમાં ઉપાસના પ્રકરણમાં ક્યાંય 'અક્ષરપુરુષોત્તમની ઉપાસના કરવી' એવી વાત આવતી નથી.

પતિવ્રતા ધર્મનો વિવેક

ભગવાન શ્રીસ્વામિનારાયણે ગ.અં. ૧૬ માં વચનામૃતમાં પતિવ્રતા નારીના ધર્મનો એક વિવેક શીખવ્યો છે. પતિવ્રતા નારીને ઘેર કોઈ પરોણા આવે તો તે એને પૂરો આદર-સત્કાર આપે છે, સ્વાગત-સંભાવના કરે છે અને પતિના ઘરની શોભા વધારે છે. અહીં સતીનારીનો વિવેક એ છે કે તે આદર-સત્કાર સર્વનો કરે છે પણ સર્વસ્વ સમર્પણ તો એક માત્ર પતિના ચરણમાં જ કરે છે.

ઉપાસનામાં શાસ્ત્ર સંમત તત્ત્વવિવેક અવશ્ય છે પણ અનાદર કોઈનો નથી. ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે, "ભગવાનના પૂર્વે ઘણાક અવતાર થયા છે તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે." (વચ.ગ.અં.૩૮)

ઉપાસના એક માત્ર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની જ થાય પણ પૂજન-અર્ચન તો સર્વનું થાય અને નિંદા તો કોઈની ન થાય.

ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, "દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી."

(શિક્ષાપત્રી-૨૧)

"માર્ગે ચાલતા શિવાલયાદિક દેવમંદિર આવે તો તેને જોઈને નમસ્કાર કરવો અને આદર થકી તે દેવનું દર્શન કરવું." (શિક્ષાપત્રી-૨૩)

"અમારા જે આશ્રિત તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવને પૂજ્યપણે કરીને માનવા."

(શિક્ષાપત્રી-૮૪)

સનાતન વૈદિક હિન્દુ ધર્મની આ પાંચ ધારા છે. ભગવાન શ્રીસ્વામિનારાયણે એ પાંચેય ધારાઓનો આ એક શ્લોકમાં સમન્વય કર્યો છે.

એટલું જ નહીં, એમણે હિન્દુ ધર્મમાં સમન્વય અને સંવાદિતા જળવાઈ રહે એ માટે જાત દેખરેખમાં મોટા મોટા મંદિરો બાંધાવ્યા છે. એમાં વિષ્ણુપંચાયતન દેવોની વેદોક્તવિધિથી આદરપૂર્વક પ્રતિષ્ઠા કરી છે અને આજે પણ નિયમિત રીતે એ દેવોનું વિધિપૂર્વક પૂજન-અર્ચન વગેરે થતા રહે છે.

"એકાદશી, જન્માષ્ટમી, શિવરાત્રી આદિ વ્રત આદર થકી કરવું." (શિક્ષાપત્રી-૭૯)

"ભાદરવા સુદી ચતુર્થીને દિવસે ગણપતિજીની પૂજા કરવી તથા આસો વદી ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી." (શિક્ષાપત્રી-૧૨૭)

ભગવાન શ્રીસ્વામિનારાયણ વૈષ્ણવ પરંપરાના પ્રવર્તક છે, છતાં એમણે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, "જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર જે આડું તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી એ બે વાના પોતાની કુળપરંપરાએ કરીને ચાલ્યા આવ્યાં હોય અને તે બ્રાહ્મણાદિક અમારે આશ્રિત થયા હોય તોપણ તેમણે તે ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો." (શિક્ષાપત્રી-૪૬)

મોટા ભાગના ધર્મગુરુઓને આગ્રહ હોય છે કે અમારા આશ્રિતો અમારા જ તિલક-માળા ધારે પરંતુ ભગવાન શ્રીસ્વામિનારાયણની વાત નોખી છે. એમની સમજણમાં સંવાદિતાની સુગંધ ઊઠે છે, એમની ધાર્મિક ભાવના દરિયા જેવી ઉદાર અને વિશાળ છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણનો એક બીજો સમન્વયભાવ નોંધનીય છે. પ્રાચીનકાળથી એક વિવાદ ચાલ્યો આવે છે- પરમ દેવતા કોણ ? શિવજી કે નારાયણ ? આ અંગે શૈવ અને વૈષ્ણવ પરંપરામાં શાસ્ત્રાર્થ ચાલ્યા જ કરે છે. આ શાસ્ત્રાર્થને તે તે પરંપરાના વિદ્વાનો ઉપર છોડી દઈએ એ વધારે યોગ્ય રહેશે. પરંતુ આ વિષયમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં એક વાત લખે છે તે મનનીય છે.

ऐकात्म्यमेव विज्ञेयं नारायणमहेशयोः ।
उभयोर्ब्रह्मरूपेण वेदेषु प्रतिपादनात् ॥

(શિક્ષાપત્રી-૪૭)

"નારાયણ અને શિવજી એ બેનું એકાત્મપણું જ જાણવું, કેમ જે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે."

હરિ અને હર વચ્ચે ગાઢ પ્રીતિ છે. એ જ એમના તદાત્મકપણાનું હાર્દ છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણનો આ સમન્વયવાદી દૃષ્ટિકોણ વંદનીય છે.

શ્રીમદ્ ભાગવતજી અને રામાયણ જેવા સદ્ગ્રંથો પણ આવા સમન્વયવાદનું પ્રતિપાદન કરે છે.

રહસ્યપૂર્ણ ચિત્રો-શિલ્પો

- શ્રી ભાણદેવજી

૧. ગરુડજી

આપણે એક ચિત્ર એક સ્થાને અવારનવાર જોઈએ છીએ.

કયું છે, આ ચિત્ર?

ચિત્ર આ પ્રમાણે છે -

ગરુડ ઉડ્ડયન કરી રહ્યા છે. ગરુડ પર ભગવાન વિષ્ણુ બિરાજમાન છે. ગરુડજીના પગમાં શું છે? ગરુડજીના પગમાં છે - સર્પ. ગરુડજી પોતાના પગના પંજામાં સર્પને પકડીને ઉડ્ડયન કરી રહ્યા છે.

આ ચિત્ર દ્વારા એક ગહન આધ્યાત્મિક રહસ્ય અભિવ્યક્ત થઈ રહ્યું છે.

યોગવિદ્યામાં પ્રાણવિજ્ઞાનનો ખૂબ વિકાસ થયો છે. આપણા શરીરમાં પ્રાણના અપરંપાર પ્રવાહો વહી રહ્યા છે. આ સર્વ પ્રાણના ભિન્ન ભિન્ન સ્વરૂપો છે. ગોરક્ષશતકમાં જણાવ્યા પ્રમાણે માનવશરીરમાં ૭૨,૦૦૦ નાડીઓ છે. પ્રાણના પ્રવાહો આ નાડીઓમાં વહે છે.

પ્રાણના અનેક અને અનેકવિધ પ્રવાહો છે. પ્રધાન પ્રાણ પાંચ છે - પ્રાણ, ઉદાન, અપાન, વ્યાન અને સમાન.

(૧) પ્રાણ : આ પ્રાણ મુખ્ય પ્રાણ છે. પ્રાણનું પ્રધાન કાર્ય શરીરને જીવનશક્તિ પ્રદાન કરવાનું છે. પ્રાણનું સ્થાન હૃદયપ્રદેશ છે.

(૨) ઉદાન : ઉદાનનું સ્થાન કંઠપ્રદેશ (ગ્રીવા) છે. શરીરને ઉત્થિત રાખવાનું કાર્ય ઉદાન કરે છે. વ્યષ્ટિ પ્રાણનો સમષ્ટિ પ્રાણ સાથે સંબંધ ઉદાન દ્વારા થાય છે. ઉદાન સ્વરૂપતઃ ઊર્ધ્વગામી છે. ઉદાન યોગનો કારક છે.

(૩) અપાન : અપાનનું સ્થાન નાભિથી નીચે છે. અપાનનું પ્રધાનકાર્ય ઉત્સર્ગ-મલમૂત્ર વિસર્જન છે. અપાન ભોગનો કારક છે. તે નિમ્નગામી છે.

(૪) વ્યાન : વ્યાન સમગ્ર શરીરમાં વ્યાપીને રહેલો છે. વ્યાનનું પ્રધાન કાર્ય રુધિરાભિસરણ છે.

(૫) સમાન : સમાનનું સ્થાન નાભિથી હૃદય સુધીના પ્રદેશમાં તેનું પ્રધાનકાર્ય પાચનક્રિયા છે.

યોગસાધનાની દૃષ્ટિથી જોઈએ તો ઉદાનની ગતિ સ્વરૂપતઃ ઊર્ધ્વગતિ છે. આ ઊર્ધ્વગતિ અધ્યાત્મમાં - યોગમાં ઉપકારક છે. અપાનની ગતિ સ્વરૂપતઃ નિમ્નગતિ છે.

અપાન ભોગનો કારક છે. તદ્નુસાર અપાન પર વિજય મેળવીને તેની ઊર્ધ્વગતિ થાય, તે અધ્યાત્મયાત્રા માટે અનિવાર્ય છે. અપાનને જીત્યા વિના બ્રહ્મચર્ય સિદ્ધ થઈ શકે નહીં. તેથી જ ગંગાસતીએ કહ્યું છે -

"અભ્યાસે જીતવો અપાન રે..."

કયો અભ્યાસ ? પ્રાણાયામ, મુદ્રાઓ આદિ યોગાભ્યાસ દ્વારા અપાન જીતાય છે અને તો બ્રહ્મચર્ય સિદ્ધ થાય છે.

હવે પ્રશ્ન થાય છે - બ્રહ્મચર્ય શા માટે ?

ચેતનામાં વાસનાની ભીનાશ હોય ત્યાં સુધી અધ્યાત્મનો અગ્નિ પ્રજ્વલિત થઈ શકે નહીં. તેથી આધ્યાત્મિક વિકાસ માટે બ્રહ્મચર્યનો આટલો મહિમા ગવાયો છે.

બ્રહ્મચર્ય સિદ્ધ કરવા માટે અપાનને જીતવો આવશ્યક છે. નિમ્નગામી અપાનને ઊર્ધ્વગામી ઉદાન પકડીને તેની ઊર્ધ્વગતિ કરાવે તો અપાન જીતાય છે અને બ્રહ્મચર્ય સિદ્ધ થાય છે. યોગનું આ રહસ્ય આ ગરુડજીના ચિત્રમાં સંતાડીને મૂકેલું છે.

હવે આપણે ગરુડજીના આ ચિત્રનો રહસ્યાર્થ જોઈએ.

સર્પ એટલે અપાનવાયુ. તે નિમ્નગામી અને ભોગનો કારક છે.

ગરુડ એટલે ઉદાનવાયુ. તે ઊર્ધ્વગામી અને યોગનો કારક છે.

ગરુડ સર્પને પકડીને તેને ઉપર ખેંચી જાય, તેનો અર્થ છે ઉદાન વાયુ અપાનવાયુને પકડીને તેનું ઊર્ધ્વારોહન કરાવે છે. આમ બને એટલે અપાનવાયુ જીતાય છે. અપાનવાયુ જીતાય એટલે બ્રહ્મચર્ય સિદ્ધ થાય છે અને તો

ગરુડ પર ભગવાન વિષ્ણુ અર્થાત્ આત્મતત્ત્વ પ્રતિષ્ઠિત થાય છે.

આ ગરુડમહારાજના ચિત્રનો આવો યૌગિક - આધ્યાત્મિક અર્થ છે.

આપણે જેને એક સામાન્ય ચિત્ર માનીએ છીએ, તેમાં પણ કેવાં અને કેટલાં રહસ્યો મૂકેલાં છે.

આ મોડર્ન આર્ટ નથી; આ આધ્યાત્મિકકળા છે, તેમ સમજવું જોઈએ.

૨. સ્વસ્તિક :

અતિ પ્રાચીનકાળથી આ સ્વસ્તિક ચિહ્નનો પ્રયોગ



ભારતમાં અને ભારતની બહાર અનેક દેશોમાં થયો છે અને થઈ રહ્યો છે.

આ સ્વસ્તિક શું છે? સ્વસ્તિકની આકૃતિ તો આ પ્રમાણે છે. 卐

આ સરળ લાગતી આકૃતિમાં ઘણાં રહસ્યો ભરેલાં છે.

(૧) 'સ્વસ્તિક' મંગલવાચક શબ્દ છે. તદ્નુસાર આ સ્વસ્તિક આકૃતિ પણ મંગલવાચક છે. ચોકડીની ચાર રેખાઓ એમ સૂચવે છે કે ચારેય દિશામાં તમારું મંગલ હો. ચારેય રેખાઓમાંથી વળેલી ચાર રેખાઓ એમ સૂચવે છે કે ચારેય કોણની દિશાઓ પણ તમારા માટે મંગલમય હો. આમ આઠેય દિશાઓ તમારા માટે મંગલમય હો, એમ સૂચવવામાં આવે છે.

વચ્ચે મૂકેલા ચાર બિંદુઓ એમ સૂચવે છે કે આ મંગલ તમારા માટે ચીરસ્થાયી હો; આવે પણ જાય નહીં, તેવું મંગલ હો.

(૨) ભારતમાં ઘરના દ્વાર પર સ્વસ્તિકની રચના કરી મંગલની પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

હિન્દુધર્મની જેમ જૈન અને બૌદ્ધ ધર્મમાં પણ સ્વસ્તિક રચનાની પરંપરા છે.

(૩) અતિ પ્રાચીનકાળથી સ્વસ્તિકની રચના થઈ છે. મેસોપોટેમિયા, હડપ્પા અને મોહે-જો-દરોના ઉત્ખનનમાં 'સ્વસ્તિક' ની નિશાનીઓ મળી આવી છે. જાવા, સુમાત્રા, બાલિ, ચીન આદિ દેશોમાં પણ સ્વસ્તિકનું આલેખન જોવા મળે છે.

(૪) જર્મનીમાં હિટલર અને તેના અનુયાયીઓએ સ્વસ્તિકનો રાષ્ટ્રીય ચિહ્ન તરીકે પ્રયોગ કર્યો હતો. તેઓ પોતાને આર્યો માનતા અને સ્વસ્તિકને આર્યત્વસૂચક ચિહ્ન તરીકે ગણાવતા હતા. અલબત્ત તેઓ ત્રાંસા સ્વસ્તિક નો પ્રયોગ કરતા.

૩. સૂર્યોદય :

પૂર્વ દિશામાં સૂર્યનો ઉદય થઈ રહ્યો છે. પૂર્વ દિશામાં

ચળકતો લાલ રંગ છવાઈ ગયો છે. આ સ્વરૂપના ચિત્રનો ઉપયોગ અનેક સ્થાને જોવા મળે છે. આ ચિત્ર સૂર્યોદયનું ચિત્ર છે. અનેક ઘરોમાં, અનેક પુસ્તકો, અનેક નોંધપોથીઓમાં આવું સૂર્યોદયનું ચિત્ર જોવા મળે છે.

આ ચિત્રનો અર્થ શો છે?

સૂર્ય પ્રકાશનું પ્રતીક છે. ઉદય દ્વારા પ્રારંભ સૂચિત થાય છે. જીવનમાં પ્રકાશનો પ્રારંભ થાય, તેવી ભાવના વ્યક્ત કરવા માટે આ ચિત્રનો પ્રયોગ થાય છે.

અંધકાર કોને ગમે છે ? ઘુવડ સિવાય કોઈને નહીં. સૌને પ્રકાશ ગમે છે.

અસ્ત કોને ગમે છે ? ઘુવડ સિવાય કોઈને નહીં. સૌને ઉદય ગમે છે.

આમ સૂર્યોદયના ચિત્ર દ્વારા પ્રકાશના પ્રાગટ્યની ઘટના સૂચિત થાય છે. ચિત્રમાં ભૌતિક પ્રકાશનું ચિત્ર છે, પરંતુ વસ્તુતઃ આ ચિત્ર દ્વારા જીવનમાં આધ્યાત્મિક પ્રકાશનો ઉદય થાય, તેમ સૂચિત કરવામાં આવે. એટલું જ નહીં તેવી આકાંક્ષા અભિવ્યક્ત કરવામાં આવે છે!

૪. કમળ :

આપણા ભારતવર્ષમાં ચિત્રોમાં શિલ્પોમાં,

કથાઓમાં, કાવ્યોમાં 'કમળ'નો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે.

આ કમળ દ્વારા શું સૂચિત થાય છે ?

ભગવાન વિષ્ણુના ચાર હાથ છે. આ ચાર હાથમાં શું છે ? શંખ, ચક્ર, ગદા અને પદ્મ. પદ્મ એટલે કમળ. આમ ભગવાન વિષ્ણુના એક હાથમાં કમળ છે. લક્ષ્મી તો કમળના પુષ્પ પર બિરાજમાન છે. બ્રહ્માજી પણ કમળ પર બિરાજે છે. અરે ! લક્ષ્મીજીનું એક નામ કમલા છે. દશ મહાવિદ્યામાંના એક મહાવિદ્યા (દેવી) 'કમલા' છે. કમળનો આટલો મહિમા કેમ છે ? કમળના ચિત્ર અને શિલ્પનું રહસ્ય શું છે?

આ રહસ્ય ચાર સ્વરૂપનું છે.

(૧) કમળ અવતારનું પ્રતીક છે. તદ્નુસાર અવતાર સાથે કમળને મૂકવામાં આવે છે.

(૨) કમળ મંગલનું પ્રતીક છે. તદ્નુસાર માંગલ્ય સૂચવવા માટે કમળના પ્રતીકનો ઉપયોગ થાય છે.

(૩) કમળ સૌંદર્યનું પ્રતીક છે. તદ્નુસાર સુંદર સાથે કમળ સંકળાય છે. સુંદર મુખને મુખકમલ અને સુંદર કરને કરકમલ તથા સુંદર ચરણને ચરણકમલ કહેવામાં આવે છે.

(૪) કમળ કોમળતાનું પ્રતીક છે. તદ્નુસાર કોમળતા સૂચવવા માટે પણ કમળનો પ્રતીક તરીકે પ્રયોગ થાય છે.

કમળનો પ્રતીક તરીકે ઉપયોગ માત્ર ભારતમાં જ થાય છે, તેમ નથી. કમળ તો વિશ્વવ્યાપી પ્રતીક છે.

આવો છે કમળનો મહિમા.

૫. અશોકચક્ર :

આપણા ભારતદેશના રાષ્ટ્રધ્વજમાં બરાબર વચ્ચે એક ચક્ર છે.



આ ચક્ર શું છે ?

આ ચક્રને 'અશોક ચક્ર' પણ કહેવામાં આવે છે. તેનું નામ અશોકચક્ર શા માટે છે?

આ અશોકચક્ર દ્વારા શું સૂચિત થાય છે ? આ અશોકચક્રનો પ્રારંભ અને આટલો પ્રચાર કોના દ્વારા થયો?

ઓગણત્રીસ વર્ષની વયે ભગવાન બુદ્ધે ગૃહત્યાગ (મહાભિનિષ્ક્રમણ) કર્યો. છ વર્ષની ઘનિષ્ઠ સાધનાને અંતે પાંત્રીસ વર્ષની વયે ભગવાન બુદ્ધને બુદ્ધત્વની પ્રાપ્તિ થઈ અને સિદ્ધાર્થ ભગવાન બુદ્ધ બને છે.

ઋષિપત્તન (સારનાથ)થી ભગવાન બુદ્ધે ધર્મોપદેશનો પ્રારંભ કર્યો. ભગવાન બુદ્ધનું આ મહાનકાર્ય જીવનભર ચાલ્યું. પ્રારંભે ભગવાન બુદ્ધ એકલા જ ધર્મોપદેશ આપતા, પરંતુ તદનંતર ભગવાન બુદ્ધના સારિપુત્ત, મહામુગ્ગલ્લાન આદિ અનેક યોગ્યતાવાન શિષ્યોએ પણ ધર્મોપદેશ આપવાનું કાર્ય સુપેરે કર્યું છે.

કાળાંતરે બૌદ્ધધર્મનો ભારતમાં અને ભારતની બહાર પણ ખૂબ પ્રચાર અને પ્રસાર થયો છે.

ભગવાન બુદ્ધે પોતાનું ધર્મોપદેશનું કાર્ય છેક મહાપરિનિર્વાણ સુધી અસ્ખલિત સ્વરૂપે ચાલુ રાખ્યું હતું. ભગવાન બુદ્ધે ૪૫ વર્ષ ધર્મોપદેશ આપ્યો છે. ભારતના અન્ય ધર્મો - હિન્દુ ધર્મ અને જૈનધર્મમાં પ્રચારકવૃત્તિ નથી. તેમણે ધર્મપ્રચારનો પ્રયત્ન કર્યો નથી. બૌદ્ધ ધર્મ આમાં અપવાદ છે. ભગવાન બુદ્ધ દ્વારા અને પછી તેમના શિષ્યો દ્વારા ધર્મપ્રચારનું કાર્ય વ્યાપક પ્રમાણમાં ચાલતું રહ્યું છે. ધર્મપ્રચાર અને ધર્મ-પ્રસારનું મહાન કાર્ય, તે જ છે, ભગવાન બુદ્ધ પ્રણિત - ધર્મચક્ર-પ્રવર્તન!

સ્વતંત્ર ભારતના રાષ્ટ્રધ્વજમાં વચ્ચે જે ધર્મચક્ર છે, તે આ ભગવાન બુદ્ધ પ્રણિત ધર્મચક્ર પ્રવર્તનનું જ પ્રતીક ધર્મચક્ર છે.

ચક્ર ગતિનું પ્રતીક છે. ચક્ર સતત ચાલતું જ રહે છે. આ ગતિ દ્વારા ધર્મચક્ર પ્રવર્તનની ગતિ સૂચિત થાય છે. ધર્મચક્ર પ્રવર્તન દ્વારા ધર્મનો પ્રચાર-પ્રસાર સૂચિત થાય છે. ધર્મચક્ર પ્રવર્તનની આ મહાન ઘટનાને ચક્રની આકૃતિ દ્વારા સૂચિત કરવામાં આવેલ છે અને ચક્રની આકૃતિને ભારતના રાષ્ટ્રધ્વજમાં સ્થાન આપવામાં આવેલ છે.

ધર્મચક્રના ચોવીસ આરા છે.

આ ચોવીસ આરાનો શો અર્થ છે ?

એક મત પ્રમાણે આ ચોવીસ આરા દ્વારા ચોવીસ કલાક સૂચિત થાય છે અને એ રીતે ધર્મચક્રમાં કાલક્રમ સૂચિત થાય છે. ચક્ર પણ કાલ સૂચિત કરે જ છે. આ ચોવીસ આરા દ્વારા આ અર્થ વધુ સ્પષ્ટ બને છે.

આ ચક્ર ધર્મનું ચક્ર છે. વસ્તુતઃ તે બૌદ્ધધર્મનું ચક્ર છે. તેથી જ તેને ધર્મચક્ર નામ અપાયું છે. ધર્મ સતત વધતો, વિકસતો અને પ્રસાર પામતો રહે, તેવી ભાવના તેના ચકાકાર દ્વારા સૂચિત થાય છે.

ભારતના રાષ્ટ્રધ્વજમાં આ ધર્મચક્રને સ્થાન આપીને બૌદ્ધધર્મનો અને ભગવાન બુદ્ધનો સ્વીકાર થયો છે, તેમ સમજવું જોઈએ, તેમ સૂચિત થાય છે.

૬. ભારતની રાષ્ટ્રીય મુદ્રા :

સરકારી કાર્યક્રમોમાં અને સરકારી પત્રો, પુસ્તકો

આદિમાં તથા અન્યત્ર પણ આ રાષ્ટ્રીય મુદ્રાનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે.

આ રાષ્ટ્રીય મુદ્રાનું સ્વરૂપ શું છે?

આપણે જોઈએ છીએ, તે પ્રમાણે તેમાં ત્રણ સિંહ દેખાય છે. વસ્તુતઃ તેમાં ચાર સિંહ છે. ત્રણ સિંહ દેખાય છે અને ચતુર્થ સિંહ પાછળ છે, તે જોઈ શકાતો નથી.

આ આકૃતિની રચના કોણે કરી છે?

આ આકૃતિની રચના સમ્રાટ અશોકે કરી છે.

આવી ચાર સિંહવાળી રચના તેમણે શા માટે કરી છે? આ ચાર સિંહની મુખાકૃતિ દ્વારા સમ્રાટ અશોક શું સૂચવવા ઇચ્છે છે?

સમ્રાટ અશોકના સમયમાં સમ્રાટ અશોકના રાજ્યની આજુબાજુ બીજા ત્રણ મોટા અને સમર્થ રાજ્યો હતાં. આમ આ ચાર રાજ્યો હતાં. આ ચારેય રાજ્યો સમર્થ હતાં અને તેમની વચ્ચે યુદ્ધ થાય તેવી ખૂબ શક્યતાઓ હતી. સમ્રાટ અશોકે તો બૌદ્ધધર્મનો સ્વીકાર કર્યો અને તેઓ અહિંસાને વરેલા શાંતિપ્રિય રાજા હતા. તેમની ભાવના એવી હતી કે આ ચારેય રાજ્યો યુદ્ધ વિના શાંતિથી જીવી શકે, રહી શકે.

આ ભાવના વ્યક્ત કરવા માટે તેમણે ચાર સિંહની આ કૃતિની રચના કરાવી છે. આ ચાર સિંહો એક સાથે રહી શકે છે, તેમ આપણે ચારેય રાજ્યો શાંતિથી યુદ્ધ વિના સાથે સારા પાડોશી તરીકે રહીએ, આવી ભાવના આવી શુભ ઇચ્છા વ્યક્ત કરવા માટે સમ્રાટ અશોકે આ ચાર સિંહની આકૃતિવાળા સ્તંભોની રચના કરાવી હતી. આ ચાર સિંહની આકૃતિ દ્વારા આવી ઉદાત્તભાવના વ્યક્ત થાય છે.

આ ચાર સિંહની આકૃતિની નીચે ધર્મચક્રપ્રવર્તનના પ્રતીક રૂપે ધર્મચક્ર પણ મૂકેલ છે.

તે સાથે 'सत्यमेव जयते' આ ધ્યાનમંત્ર પણ મૂક્યો છે, જે ભારતનો ધ્યાનમંત્ર છે. આ મંત્ર મુંડકોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

આ રાષ્ટ્રીય મુદ્રામાં ચાર સિંહની તુરત નીચે ચાર પશુઓની આકૃતિઓ પણ છે. આ પશુઓ છે - સિંહ, હાથી, વૃષભ અને અશ્વ.

સિંહ : સિંહ દ્વારા જ્ઞાન અને શક્તિ સૂચિત થાય છે.

હાથી : ભગવાન બુદ્ધની માતાને બુદ્ધના જન્મ પહેલાં સ્વપ્નમાં હાથીના દર્શન થયા હતાં. તેથી અહીં હાથી મૂકેલ છે.

અશ્વ : ભગવાન બુદ્ધે ગૃહત્યાગ તેમના પ્રિય અશ્વ કંથક દ્વારા કર્યો હતો. તેથી અહીં અશ્વનું શિલ્પ મૂકેલ છે.

વૃષભ : ભગવાન બુદ્ધની જન્મની રાશિ વૃષભ છે. તેથી અહીં વૃષભ મૂકેલ છે.

આમ સિંહ દ્વારા જ્ઞાન-શક્તિ સૂચિત થાય છે.

અશ્વ દ્વારા ગૃહત્યાગ સૂચિત થાય છે.

વૃષભ દ્વારા જન્મ સૂચિત થાય છે.

હાથી દ્વારા શુભ પ્રારંભ સૂચિત થાય છે.

બૌદ્ધતીર્થ સારનાથના પુરાતત્ત્વ મ્યુઝિયમમાં સંગ્રહાયેલ સમ્રાટ અશોકના આ સ્તંભ પરથી આ મુદ્રા લેવામાં આવેલ છે અને સ્વતંત્ર ભારતની 'રાષ્ટ્રીય મુદ્રા' તરીકે તેનો સ્વીકાર થયો છે.

ભારત, પાકિસ્તાન, નેપાળ આદિ દેશોમાં આવા ૨૪ અશોક સ્તંભો હતા. વર્તમાન કાળમાં ૧૯ ઉપલબ્ધ છે.

ચાર સિંહ દ્વારા શક્તિ, વિશ્વાસ, ગૌરવ અને હિંમત સૂચિત થાય છે.

આ રાષ્ટ્રમુદ્રા સરકારની સત્તાવાર મુદ્રા છે, તેથી તેનો ઉપયોગ અધિકૃત રીતે સરકારી હેતુઓ માટે જ થાય છે.

સરકારના મંત્રાલયો, મંત્રીઓ, સાંસદો, એલચી કચેરીઓ, રાષ્ટ્રપ્રમુખ, રાજ્યપાલ આદિ દ્વારા તેમનો ઉપયોગ કાયદેસર ગણાય છે. ભારતની ચલણીનોટો, સરકારી પ્રકાશનો, વિદેશોમાં આવેલી ભારતીય એલચી કચેરીઓના સાજસામાન પર પણ આ રાષ્ટ્રમુદ્રાનો ઉપયોગ થાય છે.

સમાપન :

ગહન અર્થપૂર્ણ ચિત્રો અને શિલ્પો આટલા જ છે, તેમ નથી. અગણિત છે.

ખ્રિસ્તીધર્મનું પ્રતીક - ક્રોસ અને ઈસ્લામનું પ્રતીક - ચાંદતારા છે. તેમાં પણ ગહન રહસ્યો છે. પરંતુ તેમના પર કલમ ચલાવવી આપણા માટે અનધિકાર ચેષ્ટા ગણાય. તદ્નુસાર તે વિશે આપણે મૌન રહેવું જોઈએ.

આ સિવાય બીજા પણ ઘણાં રહસ્યપૂર્ણ શિલ્પો અને ચિત્રો છે. ઈજીપ્તના પિરામીડ, સ્ફીક્સ આદિ શિલ્પોમાં પણ ઘણાં રહસ્યપૂર્ણ તત્ત્વો છે.

પરંતુ હાલ પૂરતું આપણાં માટે આટલું જ!

ધાર્મિકતાને ઓથે પાંગરેલી ધર્માંધતા

- શાસ્ત્રી મુનિવત્સલદાસ

ગુજરાતી સાહિત્યમાં એક કહેવત છે, 'શેરડી વાંહે એરડી પીવે.' એરંડીને તળપદી ભાષામાં એરડી કહે છે. ખેતી કરતા ખેડૂતો જ્યારે પોતાના ખેતરમાં શેરડીના વાઢને ખાતર-પાણી પાઈને પોષણ આપે, ત્યારે ખેડૂતની ઇચ્છા હોય કે ન હોય તોપણ શેરડીના વાઢની સાથે એરંડીના છોડવા પાંગરવા લાગે. ખેડૂતનો સમગ્ર ઉદ્યમ શેરડી માટે હોય પણ એરડીને આનુષંગિક પોષણ મળતું જ રહે. ધર્મજગતમાં પણ કંઈક આવું જ છે. ધાર્મિકતા શેરડી છે અને ધર્માંધતા એરડી છે. ખેડૂતની જેમ ધર્મગુરુઓ ધાર્મિકતાના પોષણ માટે પુરુષાર્થ કરે, પણ ધાર્મિકતાને ઓથે સમાજમાં ધર્માંધતા પણ પોષણ મેળવી લ્યે છે. ધર્મપ્રેમી લોકોની ધાર્મિકતા જાણતા-અજાણતા ધર્માંધતામાં ક્યારે પરિણામ પામી જાય છે એની કોઈને કલ્પના પણ આવતી નથી.

ધાર્મિકતાની ઇમારત શ્રદ્ધાના પાયા ઉપર રચાયેલી છે, જ્યારે ધર્માંધતાની ઇમારત અંધશ્રદ્ધાના પાયા ઉપર ચણાયેલી છે. વિશ્વમાં ઘણા ધર્મો છે, પરંતુ મોટા ભાગના ધર્મોમાં શ્રદ્ધાની સાથે કંઈક થોડા ઘણા અંશે અંધશ્રદ્ધા પણ જોવા મળે છે. શ્રદ્ધા વિશ્વાસની ઉપજ છે, જ્યારે અંધશ્રદ્ધા મોહની નીપજ છે. શ્રદ્ધાવાળા વ્યક્તિને ધાર્મિક કહેવો યોગ્ય છે, પરંતુ અંધશ્રદ્ધાથી મોહાંધ માણસને ધાર્મિક કહેવો અયોગ્ય છે. મોટા ભાગે ધર્મોની સંકુચિતતા કે રૂઢિવાદને લીધે લોકોમાં અંધશ્રદ્ધા પ્રવર્તતી હોય છે. અંધશ્રદ્ધાના પાયા ઉપર ઊભેલી ધર્મની ઇમારત લાંબુ ટકી શકતી નથી.

ધાર્મિક સંકુચિતતાથી મોહાંધ કૂપમંડુક લોકો ધર્મના વ્યાપક વિશ્વમાં પ્રવેશી શકતો નથી. આજે કળિયુગમાં લોકોની ધાર્મિકતાનું માપદંડ માત્ર બાહ્ય વેશભૂષા બની ગઈ છે. ધર્મની સાચી પરખ માત્ર બાહ્ય ચિહ્નોથી ન થઈ શકે. મોટા ભાગે સમાજ લોકોના બાહ્ય ચિહ્નોથી એની ધાર્મિકતાનું મૂલ્યાંકન કરતા હોય છે. કોઈ ટ્રેનમાં કે બસમાં મુસાફરી કરતી વખતે બાજુમાં બેઠેલા વ્યક્તિના ધાર્મિક ચિહ્નો પોતાના ધર્મથી મળતા આવતા ન હોય તો ધર્મમૂઢ લોકોને એ વ્યક્તિ પ્રત્યે વિના કારણ અણગમો ઊભો થઈ જતો હોય છે અને જો ટીલાં-ટપકાંવાળો પોતાના ધર્મનો અનુયાયી મળી જાય તો તરત હરખાઈ જાય અને ટિકિટ વગર સીટ ન મળવાથી તે ઊભો હોય તો તેની બેસવાની વ્યવસ્થા પણ હોંશે હોંશે કરતા હોય છે.

કેટલાક ધર્માંધ લોકોને પોતાના સંપ્રદાયના મંદિરની મૂર્તિમાં ભગવાન દેખાય છે, પરંતુ બીજા સંપ્રદાયના મંદિરોમાં સ્થાપિત પ્રતિમાઓમાં ભગવાન દેખાતા નથી. પોતાના ધર્મગ્રંથોમાં શ્રદ્ધા છે, બીજા ધર્મગ્રંથો પ્રત્યે આદર ન દાખવે અને તેને વાહિયાત અને કલ્પિત માને તો એને ધાર્મિકતા કહેવા કરતાં ધર્માંધતા કહેવી વધારે વ્યાજબી છે. હા, અહીં એક વાત સમજવી જરૂરી છે કે, ધર્મ અને સંપ્રદાય વચ્ચે ગંગાપ્રવાહ અને તીર્થઘાટ જેટલો સૂક્ષ્મ ભેદ છે.

સાંપ્રદાયિક વાડાને ધર્મનું સ્વરૂપ આપવું એ યોગ્ય નથી. ધર્મમાં સંપ્રદાયોની વિભિન્ન ધારાઓ હોઈ શકે પણ સંપ્રદાયમાં ધર્મની ધારાઓ સર્જાય એ જોખમી છે. સાગરમાંથી નદીઓ સર્જાય એ સ્વીકાર્ય છે, પણ નદીઓમાંથી સાગરના સર્જનની કલ્પના કરવી એ મૂર્ખતા છે. વિશાળ વડલા જેવા ધર્મમાંથી વિભિન્ન સંપ્રદાયોની શાખા-પ્રશાખાઓ ફૂટે એ આવકાર્ય છે પણ સંપ્રદાયની શાખા વટવૃક્ષની કલ્પના કરે એ સ્વીકાર્ય નથી. ધર્મ તો સતત વહેતી ગંગધારા જેવો પવિત્ર પ્રવાહ છે અને સંપ્રદાય એ ગંગધારાને કિનારે પ્રગટેલા તીર્થઘાટ છે. એ ઘાટની મહત્તા ત્યાં સુધી જ ટકી રહે છે, જ્યાં સુધી એ ધર્મની ગંગધારા સાથે જોડાયેલા રહે. જેમ જેમ સંપ્રદાયો સાંપ્રદાયિક રૂઢિચુસ્ત લોકોના સંકુચિત માનસને લીધે વ્યાપક ધર્મ ગંગાના કિનારાથી દૂર થતાં જાય છે, તેમ તેમ એ સંપ્રદાયો પોતાનું અસ્તિત્ત્વ ગુમાવતા જાય છે.

કેટલીક ધાર્મિક એલર્જી લોકોને ધર્માંધતા તરફ ધકેલી દે છે. અંધશ્રદ્ધાના પાયા પર પાંગરેલી ધાર્મિકતા સમાજને સુખી કરી શકતી નથી. માણસને ધર્મની જરૂર છે, પરંતુ ધર્માંધતા એક એવો ચેપી રોગ છે જે બીજાને અણધારી, અનિચ્છાથી અને અજાણતા અસર કરી જાય છે. જેમ મનુષ્યના શરીરમાં ભૂત પ્રવેશ કરીને તેને ભરખી જાય છે, એ જ રીતે ધર્માંધતાનું ભૂત કેટલાક સંકુચિત માનસવાળા કહેવાતા ધાર્મિક માણસોને ભરખી જાય છે. ધર્માંધતાને લીધે ચાર દિવાલ વચ્ચે એક ઘરમાં રહેતા પરિવારમાં પણ જાતજાતની દીવાલો ઊભી થઈ જાય છે.

ધર્મ મનુષ્ય મનુષ્ય વચ્ચે સેતુ બાંધવાનું કામ કરે છે. જે ધર્મ અનુયાયીઓ વચ્ચે પણ સંપનો સેતુ ન સર્જી શકતો હોય એ ધર્મ સમગ્ર વિશ્વમાં સમરસતાનો સેતુ કઈ રીતે બાંધી શકે ? આજે માનવ સમાજમાં જ્ઞાતિભેદ, જાતિભેદ, વૃત્તિભેદ, ભાષાભેદ, પ્રાંતભેદ, પક્ષભેદ અને હવે ધર્મ પણ ભેદનો ભાગ બની ગયો છે.

मन्दिर मस्जिद गिरजाघर ने बाँट दिया भगवान को ।
धरती बाँटी सागर बाँटा अब मत बाँटो इन्सान को ॥

એક દૃષ્ટિએ જોઈએ તો મઠ-મંદિરો કે ચર્ચ-મસ્જિદોની સાર્થકતા જે-તે ધર્મગ્રંથોના ઉપદેશોને જીવનમાં ચરિતાર્થ કરવામાં જ હોય છે. મઠ-મંદિરોમાં ધાર્મિક સમરસતાનું દર્શન થવું જોઈએ, માત્ર ધર્મનું પ્રદર્શન અનુચિત છે. ધાર્મિક પ્રદર્શનો લોકોમાં થોડી ક્ષણો માટે આકર્ષણ જરૂર ઊભું કરી શકે છે, પણ તેનું આયુષ્ય લાંબુ હોતું નથી.

દુર્ભાગ્યે આજે કળિયુગમાં મોટા ભાગના લોકો વેશપ્રધાન બની ગયા છે. ઉપરનો આટાટોપ દેખીને કોઈની ધાર્મિકતાનું મૂલ્યાંકન ન થઈ શકે. હંસલા અને બગલા બન્ને રંગે રૂપે એકસરખા જ હોય છે, પણ એ તો એના વર્તનથી ઓળખાય, એમ ઘણીવાર ઉપરની વેશભૂષાથી હંસલા જેવા લાગતા લોકો બગલાને પણ શરમાવે એવા સાબિત થાય.

ભગવાન શ્રીરામચંદ્રજી આવા સ્વાર્થકેન્દ્રિત અને ધર્માંધ બગભગતની ઓળખાણ કરાવતા લક્ષ્મણજીને કહે છે,

पश्य लक्ष्मण पंपायां बको परं धार्मिकः ।
शनैः शनैः पदं धत्ते प्राणिनां वधशंकया ॥

'જો લક્ષ્મણ ! પંપાસરમાં રહેલા પ્રાણીઓની હિંસા ન થઈ જાય એવા ભયથી ધીરે ધીરે પગ મૂકતો આ બગલો કેવો ધાર્મિક લાગે છે !'

આજે લોકોની દૃષ્ટિ પણ ટૂંકી થતી જતી જોવા મળે છે. બીજાના જીવનને આજીવન જોયા કરવાનો સમય સૌકોઈ પાસે છે, જ્યારે પોતાના જીવનમાં ડોકીયું કરવાનો સમય ભાગ્યશાળીને જ મળે છે. ગળામાં ગણી ન શકાય એટલી માળાઓ પહેરી હોય, કપાળ દેખાય નહીં એટલું ચંદન ચર્ચ્યું હોય, પ્રભુનામની ચાદર ઓઢી હોય, બાહ્ય વેશભૂષા જોતા ભગત જણાતો હોય પણ જો જીવનમાં માનવતાના મૂલ્યોને અપનાવ્યા ન હોય તો એ ધાર્મિક નથી પણ ધર્મનો અંચળો ઓઢેલો બગભગત છે.

વર્તન વગરના મગજમાં જ્ઞાનના ગંજ ખડકવાનો કોઈ અર્થ નથી. વર્તન વગરનું જ્ઞાન અજ્ઞાનથી પણ વધારે ખતરનાક હોય છે. આજે સમાજમાં જ્ઞાનનું પાસુ જેટલું જમા દેખાય છે તે કરતા વર્તનનું ઉધાર પાસું ઘણું મોટું છે. માણસ સવારે ઊઠી નાહી-ધોઈ, પૂજાપાઠ કરી દુકાને જાય, દુકાન ખોલે ત્યારે દુકાનના ઉંબરાને ત્રણવાર પગે લાગે, દુકાનમાં ધૂડ્યથી ખરડાયેલા ભગવાનના નાના ગોખલાની સામે હાથ જોડે અને બે ફૂલ ચડાવી અગરબત્તી કરે અને પછી એ અગરબત્તીનો ધૂપ દુકાનની દરેક વસ્તુને આપે. આ બધું દેખીતી દૃષ્ટિએ સારું લાગે, માણસ ધાર્મિક લાગે પણ જ્યારે ગ્રાહક દુકાને આવે અને છળ કરીને તેને ભોળવે અને મોંઘા મૂલે નકામી ભેળસેળવાળી વસ્તુ પધરાવી દે ત્યારે એની ધાર્મિકતા ક્યાં અદૃશ્ય થઈ જતી હશે ? એને ધાર્મિક કોણ કહેશે ? એ તો ધર્મનો અંચળો ઓઢીને અધર્મનો વેપાર કરે છે.

ચર્ચ-મંદિરો કે મઠ-મસ્જિદોને અર્થોપાર્જનના સાધન બનાવી કેટલાંક ધાર્મિક નેતાઓ ધર્મને નામે ધંધો માંડીને બેઠા છે. ધાર્મિક અર્થોપાર્જનને સમાજહિતમાં વાપરવાને બદલે પોતાના અંગત સ્વાર્થને સિદ્ધ કરવામાં ઉપયોગમાં લેતા હોય છે. એવા કહેવાતા ધાર્મિક વ્યવસ્થાપકો પરમાત્માને મહત્ત્વ આપવાને બદલે પૈસાને વધારે મહત્ત્વ આપે છે.

આવા આચરણવિહોણા કેટલાંક ધાર્મિક સત્તાધારીઓને કારણે સાચા ધર્મગુરુઓને પણ સમાજમાં નિંદાના પાત્ર બનવું પડે છે પણ હકીકતમાં એ સમાજ પણ મૂઢ છે જે સત-અસતનો વિવેક સમજી ન શકે. રાત્રિના અંધકારમાં અથડાવાથી સૂર્યના પ્રકાશના અસ્તિત્ત્વને નકારી ન શકાય.



ધર્મને કોઈ દેશ કે કાળના સીમાડાઓ બાંધી શકતા નથી, ધર્મ આકાશ જેવો વિશાળ અને વ્યાપક છે. હિન્દુ ધર્મના સંરક્ષણ અને સંવર્ધન માટે કટિબદ્ધ હિન્દુ ધર્મ આચાર્ય સભાના ટ્રસ્ટી પરમ પૂજ્ય

ગુરુવર્ય શ્રીમાધવપ્રિયદાસજી સ્વામીજી પોતાના પ્રવચનોમાં અવારનવાર કહે છે કે, 'ધર્મ આકાશ જેવો વિશાળ અને વ્યાપક છે, એને સાંપ્રદાયિક વાડામાં કેદ ન કરી શકાય.' કૂવામાં જન્મેલો દેડકો સમુદ્રની વિશાળતાને કેમ માપી શકે? બાળપણથી પાંજરામાં પૂરાયેલું પંખી આકાશની વ્યાપકતાને કેમ અનુભવી શકે ? એ જ રીતે સંપ્રદાયના સંકુચિત વાડામાં અવરાયેલો કહેવાતો ધાર્મિક માણસ ધર્મની વિશાળતા અને વ્યાપકતાને કેમ સમજી શકે? ધાર્મિકતા વ્યાપક દૃષ્ટિકોણવાળી હોવી જોઈએ, સાથોસાથ ધર્માંધતા અને અંધશ્રદ્ધાથી મુક્ત પણ હોવી જોઈએ.

ધાર્મિકતા અને ધર્માંધતા વચ્ચેના ભેદને એક દૃષ્ટાંત દ્વારા સમજવાનો પ્રયાસ કરીએ.

એક રૂડું રળિયામણું નગર હતું. વૃક્ષ-વેલીઓથી શોભતા આ નગરને સીમાડે એક નદી વહી રહી હતી. આ નગરને સીમાડે એક મહાત્મા કુટીયા બાંધીને રહેતા હતા. આ વૈરાગી મહાત્મા ખૂબ તપસ્વી હતા. ગામમાંથી ભીક્ષાટન કરી જે મળે તેનાથી પેટ ભરી જીવનગુજરાન ચલાવતા અને આકરી તપશ્ચર્યા કરતા. સાંસારીક વસ્તુઓમાં ક્યાંય એને મોહ હતો નહીં. ધર્મપાલનની બાબતમાં એ કશું ચલાવી લેતા નહીં. દેહ છૂટે તો ભલે છૂટે પણ ધર્મ છૂટવો ન જોઈએ એવી એમની દૃઢ ધારણા હતી.

એકવાર આ વૈરાગી મહાત્માજી એક શિષ્યને સાથે લઈ પગપાળા તીર્થયાત્રાએ નીકળ્યા. વિચરણ કરતાં-કરતાં મહાત્માજી પોતાના આત્મીય શિષ્ય સાથે એક નદીને કિનારેથી પસાર થઈ રહ્યા હતા. ચોમાસાની ઋતુ હતી. વરસાદને લીધે પાણીમાં પૂર આવેલું. નદીને કાંઠે ઊભેલા ગુરુ-શિષ્યે કોઈ સ્ત્રીને પાણીના પ્રવાહમાં તણાતી જોઈ. પેલી સ્ત્રી હાથ ઊંચા કરી 'બચાવો ! બચાવો !' ની બૂમો પાડતી હતી.

અબળા સ્ત્રીને પાણીમાં તણાતી જોઈને મહાત્માજી વિચાર કરવા લાગ્યો કે, 'આ બિચારી કેવી અભાગણી છે ! એણે પૂર્વ જન્મમાં કેવા પાપ કર્યા હશે કે આવી રીતે જીવનનો અંત આવી રહ્યો છે ? લાગે છે કે, એના પ્રારબ્ધમાં નદીમાં ડૂબીને મરવાનું લખ્યું હશે ! હું તો રહ્યો ત્યાગી-વૈરાગી, મારે તો સ્ત્રીનો સ્પર્શ પણ ન કરાય ! સૌ સૌનું ભોગવે ! સૌને પોતાના શુભ-અશુભ કર્મના ફળ ભોગવવા પડે !' આવો અમાનવીય વિચાર કરીને પેલા મહાત્માજીએ પાણીમાં તણાતી સ્ત્રીને બચાવવા જરા પણ પ્રયાસ ન કર્યો.

આ રૂઢિચુસ્ત અને ધર્મજડ મહાત્માજીએ પેલી સ્ત્રીને તણાતી જોઈ કોઈ પ્રતિભાવ ન આપ્યો પણ સાથે રહેલા શિષ્યથી રહેવાયું નહિ, એના મનમાં કરુણા ઉપજી. એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના શિષ્યે નદીના વહેતા પ્રવાહમાં ઝંપલાવ્યું અને મહામહેનતે પાણીના પૂરમાં તણાતી સ્ત્રીને બહાર કાઢી એનો જીવ બચાવ્યો. પેલી સ્ત્રીએ શિષ્યને પગે લાગીને વારંવાર વંદન કર્યા.

સ્ત્રીનો જીવ બચાવી શિષ્ય પાછો મહાત્માજીની પાસે આવ્યો અને બન્ને ગુરુ-ચેલાએ યાત્રા માટે આગળ પ્રયાણ કર્યું. થોડે દૂર ગયા પછી એક વટવૃક્ષ નીચે ગુરુ-ચેલાએ વિશ્રાંતિ લીધી. આજ્ઞાંકિત શિષ્ય પગપાળા ચાલીને થાકેલા મહાત્માજીની પગચંપી કરવા લાગ્યો, ત્યારે મહાત્માજીએ શિષ્યને કહ્યું કે, "તું તો ધર્મભ્રષ્ટ થયો છો, ત્યાગીએ સ્ત્રી સામે દૃષ્ટિ પણ ન કરાય અને તે તો સાક્ષાત્ સ્ત્રીનો સ્પર્શ કરીને એને ખંભા પર ઉપાડી, માટે તે ધર્મલોપ કર્યો છે, તારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે."

શિષ્યએ બે હાથ જોડી વિનમ્રભાવે ગુરુ મહારાજને કહ્યું, "ગુરુ મહારાજ ! રાજી રહેજો, આપ મારા ગુરુ છું, હું આપનો શિષ્ય છું. આપ મહાન છો, મને ધર્મમાં આપ જેટલી ગતાગમ પડે નહીં, પરંતુ કોઈનો જીવ જતો હોય એ હું કેમ જોઈ શકું ? ગુરુ મહારાજ ! નાના મોઢે મોટી વાત થઈ જાય તો માફ કરજો, મેં તો સ્ત્રીને પાણીમાંથી બચાવી કાંઠે મૂકી દીધી, પણ મને ખબર નહોતી કે તમે અત્યાર સુધી સ્ત્રીને મનમાં પકડી રાખશો !"

શિષ્યના સમજણ ભર્યાં વચનો સાંભળીને ગુરુ મહારાજ અચંબિત થઈ ગયા અને આશ્ચર્ય ભરી નજરે શિષ્ય સામે જોઈ રહ્યા !

ગુરુ મહારાજને તરતા આવડતું હતું, પોતે તે સ્ત્રીને બચાવવા સમર્થ હતા છતાં તેને બચાવવા ન પોતે પ્રયાસ કર્યો કે ન તો પોતાના શિષ્યને આજ્ઞા કરી. ઉલટાનું શિષ્ય ઉપર ધર્મલોપનું આરોપણ કર્યું. આને ધર્માંધતા ન કહેવાય તો બીજું શું કહેવાય ? સૌથી મોટો માનવ ધર્મ છે. મૃત્યુના મુખમાં જતાં એક જીવને બચાવવો એનાથી મોટો બીજો કોઈ ધર્મ ન હોઈ શકે ?

જીવનમાં ધાર્મિકતા જરૂરી છે, પણ ધર્માંધતા આવકાર્ય નથી.

ગુરુ શિષ્યની આ વાત ધાર્મિકતા અને ધર્માંધતા વચ્ચેના ભેદનો મર્મ સમજાવી જાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ત્યાગીઓના ધર્મનો વિવેક શીખવતા શિક્ષાપત્રીમાં કહે છે કે,

प्राणापद्युपपन्नायां स्त्रीणां स्वेषां च वा क्वचित् ।
तदा स्पृष्ट्वापि तद्रक्षा कार्या संभाष्य ताश्च वा ॥

(શિક્ષાપત્રી-૧૮૨)

જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય એવો આપત્કાળ આવી પડે, ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ તે સ્ત્રીઓની અને પોતાના પ્રાણની રક્ષા કરવી.

દેશકાળને સમજ્યા વિનાનો અને વિવેકવિહોણું ધર્મપાલન ધર્માંધતામાં પરિણમે છે. રૂઢિચુસ્તતા અને ધર્મજડતા ધર્માંધતાના મૂળ છે.

ધર્મના શાશ્વત મૂલ્યોને કોઈ બદલી ન શકે પણ દેશકાળાનુસાર ભૌતિક મૂલ્યોમાં પરિવર્તન આવકાર્ય અને આવશ્યક પણ હોય છે, એટલે જ ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં દેશકાળ પ્રમાણે વર્તવાની વાત લખી છે. જે સમયની સાથે સાથે ધર્મમાં થતા પરિષ્કારનો બહિષ્કાર કરે છે તેની ધાર્મિકતા સમાજમાં સ્વીકૃત થતી નથી અને લાંબું ટકી શકતી પણ નથી. ■■■

ચંદ્રાવળા — ત્રિભુવનભાઈ વ્યાસ

નેણ અને વેણ

ઝરા ક્યાંય નવ ઝરે ઝેરના
તેમ નથી અમીના ઘરા,
ભૂંડાં ને ભલાં માનવીનાં એ
નેણ ને વેણમાં ભર્યાં
નેણ ને વેણમાં ભર્યાં ઝરે છે
ઝેરને અમૃત જગે ભરે છે
કહે કોવિદરામ માણસ આ ફેરના
ઝરા ક્યાંય નવ ઝરે ઝેરના
તેમ નથી અમીના ઘરા.

સમાજમાં સજ્જન હોય એમ દુર્જન પણ હોય, દિવસ હોય તો રાત પણ હોય, એમ અમૃત હોય તો ઝેર પણ હોય એ સનાતન સત્ય છે.

અહીં કવિએ ખૂબ સુંદર વિચાર આપતા લખ્યું કે, 'આ જગતમાં પાણીનાં ઝરાં છે, પરંતુ ક્યાંય ઝેરનાં ઝરાં નથી. આ અવની ઉપર પાણીનાં ઘરાં છે, પરંતુ ક્યાંય અમીના ઘરાં નથી, છતાં ઝેર અને અમૃત કેમ ઓછાં થતાં નથી?'

અમૃત અને ઝેર વાદળથી વરસતાં નથી અને ધરતીમાંથી ઊગતાં પણ નથી, છતાં એ ઓછાં થતાં નથી, કારણ કે આ બન્નેની ઉત્પતિ માણસનાં નેણ અને વેણથી છે.

જે ભલાં માણસો છે એમની નજર અને વાણી બન્ને અમૃત આપે છે અને જે ભૂંડા માણસો છે એમની નજર અને વાણી બન્ને ઝેર ઓકે છે.

અમી અને વિષ બન્નેનું ઉત્પત્તિસ્થાન મનુષ્યની આંખ અને મુખ છે. સજ્જન અમી આપે અને દુર્જન ઝેર આપે છે.

પાપ અને પુણ્ય

લાખો ગ્રંથમાં લખ્યું કરણીનું -
સાવ ટૂંકું ટચ માપ,
પરોપકાર તે પુણ્ય જાણજો -
પીડા કરવી તે પાપ.
પીડા કવી તે પાપ પ્રમાણો-
એ બે વાતમાં સાર સમાણો.
કહે કોવિદરામ તારવણીનું
લાખો ગ્રંથમાં લખ્યું કરણીનું
સાવ ટૂંકું ટચ માપ.

ઘણીવાર પોથીના હજાર પાનાનાં થોથાં ઉથલાવો છતાં ન મળે એવું જ્ઞાન એક દુહો કે સાખીમાંથી મળી જાય છે.

"પોથી પઢ પઢ જગ મૂઆ, પંડિત ભયા ન કોઈ
ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોઈ."

આપણાં શાસ્ત્રોમાં પાપ અને પુણ્ય વિશે હજારો શ્લોકમાં લાખો વાતો કરવામાં આવી છે, પરંતુ આ રચનામાં કવિ સાવ સરળ બાનીમાં પાપ અને પુણ્યની સચોટ વ્યાખ્યા આપે છે. એમણે ટૂંકું અને ટચ તેમજ સીધું અને સટ બતાવી દીધું કે, પરોપકાર એટલે પુણ્ય અને પરપીડન એટલે પાપ.

એક જ વાક્યમાં વેદ, પુરાણ અને શાસ્ત્રોનો સાર આપી દીધો કે, 'તમે કોઈનું ભલું કરો એ પુણ્ય અને કોઈનું બુરું કરો એ પાપ જાણજો.'

કવિ જાણે કે લાખો ગ્રંથોમાં લખેલી પાપ અને પુણ્યની વાતોની તારવણી સ્વરૂપે સાર આપી ગયા છે. આમ પણ મન, વચન કે કર્મથી કોઈના આત્માને રાજી કરવો એ પુણ્ય છે અને કોઈના આત્માને દુઃખી કરવો એ પાપ છે. ■■■

હાસ્યલેખ

તલકચંદનું ચોકઠું

- ડૉ. જગદીશ ત્રિવેદી

અમારા શહેરમાં તલકચંદશેઠ નગરશેઠ કહેવાય છે અને નગરશેઠ હોય એટલે અમીર તો હોય જ, કારણ કે સંપત્તિ માણસને હોદ્દા સુધી સરળતાથી પહોંચાડે છે. માણસ પાસે જેમ સંપત્તિ વધી તેમ તે આડો ફાટવા માંડે છે. મેદસ્વી શરીરના આ સર્વમાન્ય નિયમ મુજબ તલકચંદ શેઠ પણ મદનિયા જેવા થઈ ગયા છે.

શેઠમાં અધમણનું માથું, વાળના ગુચ્છાવાળા કાન, ડુંગળીના દડા જેવી આંખો, ઘોલર મરચા જેવું નાક, દાઝી ગયેલા પૂડલા જેવા ગાલ, હાથીની સૂંઢ જેવા હાથ, ફળિયા જેવી ફાંદ, એક મુઠ્ઠી બાજરો સમાય એવી દૂંટી, ઢોલિયાના પાયા જેવા પગ અને શેઠને પાછળથી જુઓ તો બે ઊંધાં નગારાં બાંધીને ચાલ્યા જતા હોય એવું લાગે. આવું ભારેખમ શરીર શેઠે બે કારણથી મેળવ્યું હતું : એક તો ભોજન પ્રત્યેની અનહદ પ્રીતિ અમે બીજું શરીરને જરા પણ શ્રમ આપવા અંગેની અનહદ અરુચિ. નોકર પાસે કરાવી શકાય એવાં તમામ કામ શેઠ કરાવી લેતા, જે કામ માણસે જાતે કરવાં પડે તે જ કમને કરતાં હતાં.

એક દિવસ તલકચંદ શેઠને કૂવાના કાંઠે રડતા જોઈને મને ફાળ પડી. હું આશ્વાસન આપવાના બહાને શેઠની નજીક પહોંચ્યો અને રડવાનું કારણ પૂછ્યું તો શેઠ બોલ્યા : "મારું દાંતનું ચોકઠું કૂવામાં પડી ગયું છે." આ સાંભળી હું પણ રડવા જેવો થઈ ગયો, કારણ કે શેઠે હજુ અઠવાડિયા પહેલાં જ પાંચ હજાર ખર્ચીને નવું ચોકઠું કરાવ્યું હતું, કારણ કે શેઠમાં આખા શરીરમાં સૌથી વધુ વપરાતું કોઈ અંગ હોય તો એમના દાંત છે અને સૌથી ઓછું વપરાતું અંગ એમનું મગજ છે.

મને તરતાં આવડતું નથી, શેઠ તરતા હોય એવો વિચાર પણ કરવો વ્યર્થ છે, એટલે હું ઓશિયાળો ઊભો હતો. એમાં એક ત્રીજો વટેમાર્ગ નીકળ્યો. એ વળી મને જોઈને ઊભો રહી ગયો. મને પનઘટ પર પધારવાનું કારણ પૂછ્યું, એટલે મેં કહ્યું : "શેઠનું ચોકઠું કૂવામાં પડી ગયું છે એટલે અમે ઊભા છીએ."

પેલાએ મને કહ્યું : "તલકચંદ શેઠનું ચોકઠું પડે જ કઈ રીતે ?" આ સાંભળી શેઠે જવાબ આપ્યો : "આ વરસે વરસાદ ખૂબ પડ્યો છે, કૂવામાં ખૂબ જ પાણી આવ્યું છે, તેથી પાણી જોઈને રાજી થયો. ગમે તેમ તોય નગરશેઠ છું, રાજી થયો એટલે દાંત કાઢ્યા, પણ દાંત કાઢવામાં ખરેખર દાંત નીકળી ગયા ! બસ, ત્યારથી ઊભો-ઊભો રડું છું."

પેલાએ મને કહ્યું : "તલકચંદ શેઠનું ચોકઠું હોય તો એક જ મિનિટમાં કાઢી દઉં." એટલે મેં તરત જ કહ્યું : "લાવો, તમારાં કપડાં હું પકડી રાખું." એટલે પેલો કહે : "મને ક્યાં તરતાં આવડે છે ?" મેં કહ્યું "ભાઈ ! તમને પણ તરતાં આવડતું નથી તો પછી કૂવાનાં તળિયેથી ચોકઠું કેવી રીતે કાઢશો ? બધું પાણી સુકાઈ જાય પછી ?"

પેલો કહે : "ના, અત્યારે જ કાઢી દઉં. તમે ગરમાગરમ ગાંઠિયા, તળેલાં મરચાં અને ચોખ્ખું ઘી લગાડેલા ખાખરા લઈ આવો." હું તો દોડાદોડ ગયો અને ગાંઠિયા, મરચાં અને ખાખરા લઈ આવ્યો. પેલા અનુભવીએ કૂવાના પાણીમાં ગાંઠિયા, મરચાં અને ખાખરાં નાખ્યાં. તળિયે પડેલા ચોકઠાએ જેવા પાણી ઉપર ગાંઠિયા ને ખાખરા જોયા કે ચોકઠું ઊર્ધ્વ ગતિ કરીને એની મેળે પાણીની સપાટી ઉપર આવી ગયું. પાણી એક હાથ જેટલું જ દૂર હોવાથી પેલાએ હાથ લંબાવીને ચોકઠું પકડી લીધું.

એક જ અઠવાડિયામાં તલકચંદ શેઠે દાંતનાં ચોકઠાને ગાંઠિયા, મરચાં અને ખાખરાની એવી ટેવ પાડી દીધી હતી કે એ ત્રણને જુએ એટલે ચોકઠું મોઢાની બહાર હોય તોપણ ચાવવા માંડે !

આ વાત ભલે કાલ્પનિક છે, પણ મારે વાચકોને એટલું જ કહેવું છે કે પાણીની સપાટી પર ગાંઠિયા જોઈને નિર્જીવ ચોકઠું જો ઊર્ધ્વ ગતિ કરી શકે તો જગતમાં કોઈની મજબૂરી જોઈને સજીવ હૃદય મદદ ન કરી શકે ?

સમાચાર દર્શન

મેરી માટી મેરા દેશ મહોત્સવની ઉજવણી, SGVP

ભારતવર્ષની આઝાદીનું અમૃતપર્વ પૂર્ણ થવા જઈ રહ્યું છે ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સમગ્ર દેશમાં પંચામૃત મહોત્સવ ઉજવવાની ઘોષણા કરી છે. એ ઘોષણા અંતર્ગત ભારતની પવિત્ર ભૂમિનું પૂજન કરવું એવું એક આયોજન યોજાઈ રહ્યું છે. જેને નામ અપાયું છે 'મેરી માટી મેરા દેશ.'

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ ખાતે સંસ્થાના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી ભવ્ય અને દિવ્ય 'મેરી માટી મેરા દેશ' મહોત્સવ ઉજવાઈ ગયો.

આ મહોત્સવમાં સમગ્ર ભારતના તીર્થો - હરિદ્વાર, બદરિનાથ, દ્વારકા, સોમનાથ, અયોધ્યા, છપૈયા, ગઢપુર, વડતાલ, સિદ્ધપુર વગેરે... મહાપુરુષોના જન્મસ્થાન - પોરબંદર, કરમસદ, તરવડા, ખોરાણા, પીઠવડી વગેરે સ્થાનોમાંથી માટી લાવવામાં આવી હતી. આ ઉપરાંત ગુરુકુલ પરિવારના ભક્તોએ પોતપોતાના ગામ, તીર્થ, નદી, તળાવ વગેરેની પાંચસો એકાવન જગ્યાએથી પવિત્ર માટી એકઠી કરી હતી. સુંદર કળાત્મક શણગારેલા કુંભમાં માટીને પધરાવી મા ધરતીનું પૂજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે પૂજ્ય સ્વામીજી, સંતો તથા મહાનુભાવોએ વેદમંત્રોના ઘોષ સાથે માટીકુંભોનું પૂજન-અર્ચન કર્યું હતું. ત્યારબાદ એ માટીકુંભોને મસ્તક ઉપર પધરાવી માટી યાત્રા યોજવામાં આવી હતી. જેમાં સંતો, મહાનુભાવો, સમાજના આગેવાનો, ગુરુકુલના વિદ્યાર્થીઓ, ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. દેશભક્તિના નારા અને બેન્ડવાજા સાથે નીકળેલી યાત્રા પ્રાર્થનાભવનમાં પહોંચી હતી.

મેરી દેશકી મીટ્ટી સોના ઉગલે... દેશભક્તિના ગીત દ્વારા વિદ્યાર્થીઓએ નૃત્ય કરી તથા પૂજ્ય સંતો તથા મહાનુભાવોએ પૂજન કરી મા ભારતીની માટીને વંદના કરી હતી.

આ પ્રસંગે ખાસ તાજેતરમાં જમ્મુ બોર્ડર ઉપર શહીદ થયેલા ગુજરાતના પનોતા જવાન મહીપતસિંહજી વાળાના પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, શહીદ મહીપતસિંહજીના પરિવારની સેવા કરવામાં SGVP ગુરુકુલ હંમેશા ગૌરવ અનુભવ કરે છે. SGVP ગુરુકુલ પરિવાર તથા સમગ્ર ગુજરાત આપની સાથે છે અને રહેશે.

ભારત ભૂમિ સાધારણ ભૂમિ નથી, તીર્થ ભૂમિ છે. આ માટી ભગવાન રામ, ભગવાન કૃષ્ણ, અર્જુનને પેદા કરનારી છે. આ માટીમાંથી તીર્થંકરો, ભગવંતો, આચાર્યો, ઋષિઓ પેદા થયા છે. આ માટીએ અનેક યુગપુરુષોને જન્મ આપ્યો છે. માટે જ 'ઈસ મિટ્ટી સે તિલક કરો એ ધરતી હે બલિદાનકી.'

ભારતના મહાપુરુષોએ આપણને ઉદાત દૃષ્ટિકોણ આપ્યો છે. આપણે પૃથ્વીના દરેક કણમાં ભગવાનને જોઈએ છીએ. આપણે વૃક્ષ-વેલી, પશુ-પંખી દરેકમાં ભગવાનનો વાસ માનીએ છીએ. એટલા માટે જ આ ધરતીના કણકણને વંદના કરવી એ આપણો ધર્મ છે.

આજે આટલો ભવ્ય અને દિવ્ય પ્રસંગ યોજવા બદલ કાર્યકર્તા સંતો-સ્વયંસેવકોને હું ધન્યવાદ આપું છું.

આ પ્રસંગે ખાસ દિલ્હીથી જાણીતા ઉદ્યોગપતિ પવન જિન્દાલ તથા મદન જિન્દાલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત અમદાવાદના બિલ્ડર ચિમનભાઈ અગ્રવાલ, દકુભાઈ કસવાળા, ગાંધીનગર સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન જસુભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાતંત્રપર્વની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ૭૭મો સ્વાતંત્રપર્વ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો. સંસ્થાના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના સાંનિધ્યમાં વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ઉજવાયેલા પર્વમાં એસજીવીપી ઈન્ટરનેશનલ સ્કુલ તથા દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના બાળકો પણ જોડાયા હતા. બેન્ડની સુરાવલી સાથે પૂજ્ય સ્વામીજી તથા મહાનુભાવો મંચ ઉપર પધાર્યા પછી ધ્વજ ફરકાવી સલામી આપી રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું.

આ ત્યોહાર ઉત્સાહનો છે, દેશભક્તિનો છે, ત્યારે વિદ્યાર્થીઓએ પરેડ રજુ કરી દિલધડક સ્ક્રૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. જેમાં સમૂહ પીટી, ડમ્બેલ્સ, શૌર્ય ગીત, સમૂહ યોગ, નૃત્ય તેમજ સુભાષચંદ્ર બોઝની આઝાદીની લડત અને સમર્પણને યાદ અપાવે એવું નાટક રજું કર્યું હતું. આ કાર્યક્રમ નિહાળી ઉપસ્થિત સંતો, મહાનુભાવો તથા અન્ય પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટ સાથે વિદ્યાર્થીઓને વધાવી અભિનંદન પાઠવ્યા હતા.

ધ્વજવંદન બાદ પૂજ્ય સ્વામીજીએ શહીદોને યાદ કરી ભારતની સંતશક્તિને વંદના કરી હતી. સ્વામીજીએ જણાવ્યું હતું કે, છેલ્લા પંચોતેર વર્ષથી આપણી સંતશક્તિને ભુલાવવાનો પ્રયાસ થયો છે. આજે ભારતવર્ષની સંતપરંપરા શુ કરી શકે એનું આ ઉદાહરણ છે. આજે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ભારતે દરેકક્ષેત્રમાં વિકાસ સાધ્યો છે. આજે દરેક લોકો પોતાના સ્વપ્રને સાકારિત થતું જોઈ શકે છે. આઝાદીનું આ અમૃતપર્વ તો કેવળ સોપાન છે. હવે આપણું લક્ષ્ય છે આઝાદીનું શતાબ્દી પર્વ. શતાબ્દી પર્વ સુધીમાં ભારતે દરેક ક્ષેત્રમાં પ્રથમપંક્તિમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે. આજે દુનિયામાં ભારતનું નામ ગૌરવથી લેવાય છે. આપણા રોમરોમમાં દેશભક્તિ અને દેશહિત અભરે ભરેલા હોવા જોઈએ. તમે યુવાનો ભારતનું ભવિષ્ય છો. તમારે તમારી સ્કીલથી, ટેલેન્ટથી ભારતને મહાન બનાવવાનું છે. ભારતની મહાનતા માત્ર સ્કીલથી નથી, સંસ્કારોથી છે. એટલે તો ગુરુદેવે આ ગુરુકુલની સ્થાપના કરી છે.

ખાસ આજના પ્રસંગે મુખ્ય મહેમાનોમાં ભારત સરકારના ઉચ્ચ અધિકારી શ્રી રવિન્દ્ર મિશ્રાજી લખનૌથી ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત કમલેશભાઈ સાવલિયા, કાનજીભાઈ આસોદરિયા, ત્રિકમભાઈ પટોળિયા, જીજ્ઞેસભાઈ પાધરા, પરષોત્તમભાઈ ઠુંમર, નરેશભાઈ ચૌહાણ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કશ્મીર સત્સંગ યાત્રા

સુફીઓ સાથે મુલાકાત-કશ્મીર

પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સંતમંડળ તથા ભક્તજનોની સાથે કશ્મીરની યાત્રાએ પધાર્યા હતા. આ યાત્રા દરમિયાન સ્વામીજી કશ્મીરના પહલગામ પધાર્યા હતા. અહીં કશ્મીરના સુપ્રસિદ્ધ ગાયક ગુલજાર અમહદ ગનાઈ, સુફી સ્કોલર શેખ વસીમ (સમાજ કાર્યકર), પત્રકાર અબ્દુલ ખલીદ ગની, એકરા પબ્લિક સ્કુલના પ્રિન્સીપાલ રફી અહમદ શાહ, સુફી સ્કોલર રિયાજ અહમદ વાની તથા અન્ય સુફી આગેવાનો ખાસ સ્વામીજીને મળવા પધાર્યા હતા. સ્વામીજી સાથે આફ્રિકાની પધારેલા કે.સોલ્ટના માલીક કે.વરસાણી પણ જોડાયા હતા.

આ સુફી અગ્રણીઓ સાથે સ્વામીજીએ ધાર્મિક સમરસતા, પ્રેમ તથા ભાઈચારા વિશે સંવાદ કર્યો હતો. સુફી પરંપરાના આ બધા મુસ્લીમ પરિવારોના હૃદયમાં હિન્દુસ્તાની હોવાનું ગૌરવ છે. એમના દિલમાં કોઈ પણ રીતે કશ્મીરમાં શાંતિ સ્થપાય એવી તમન્ના છે. પહલગામ બાબા અમરનાથજીની યાત્રાનો બેઈજ કેમ્પ છે. અહી ભારત સરકાર દ્વારા યાત્રીકોને ઉતરવા માટે ટેન્ટની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. અનેક સેવાભાવી ટ્રસ્ટો નિઃશુલ્ક ભોજનાલય(ભંડારા) ચલાવે છે. એમની શ્રદ્ધા અને સમર્પણ દાદ માગી લે તેવા છે.

કારગીલ શહીદોને શ્રદ્ધાંજલિ - દ્રાસ

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી કશ્મીરની યાત્રા દરમિયાન દ્રાસ પધાર્યા હતા. કારગીલ યુદ્ધ વખતે દ્રાસ લડાઈનું મુખ્ય કેન્દ્ર હતું. અહીં પરમવીર ચક્ર વિજેતા કેપ્ટન વિક્રમ બાત્રાએ ટાઈગર હીલ ઉપર વિજયધ્વજ ફરકાતી વખતે શહીદી વોરી હતી.

આ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોની સ્મૃતિમાં કારગીલ વૉર મેમોરિયલનું નિર્માણ કરવામાં આવ્યું છે. પૂજ્ય સ્વામીજી તથા ભક્તજનોએ દેશની રક્ષા કાજે શહીદ થયેલા જવાનોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

દ્રાસમાં મોટા ભાગની વસ્તિ મુસ્લિમ છે. આ લાકો ભારત પ્રત્યે ખૂબ પ્રેમ ધરાવે છે. એમને હિન્દુસ્તાની હોવાનું ગૌરવ છે. અહીંના મોટા ભાગના પરિવારોમાંથી યુવાનો સૈન્યમાં જોડાયેલા છે. ટાઈગરહિલ ઉપર દુશ્મનોની હાજરીની પ્રથમ જાણકારી પણ આ લોકોએ જ આપી હતી. તેમજ કારગીલ યુદ્ધ વખતે પણ અહીંના લોકોએ લશ્કરને ખૂબ મદદ કરી હતી અને આજે પણ કરી રહ્યા છે.

સ્વામીજી દ્રાસ પધાર્યા ત્યારે અહીંના આગેવાનો સ્વામીજીનાં દર્શને આવ્યા હતા. આ આગેવાનોએ જણાવ્યું હતું કે, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને અમીતભાઈ શાહની બી.જે.પી. સરકારે લેહ-લદ્દાખને યુનિયન ટેરીટરી બનાવ્યા પછી અહીં સારો

વિકાસ થઈ રહ્યા છે. ભારત ભરમાંથી લોકો અહીં મુલાકાતે આવે એવી અમારી કામના છે.

સ્વામીજીએ કહ્યું હતું કે, આ વિસ્તારને અમે શહીદ તીર્થ માનીએ છીએ. આ વિસ્તારની પ્રગતિ અને સુખ-સમૃદ્ધિ વધરી રહે એવી અમારી શુભકામના છે.

કારગીલ વિજય દિવસની પૂર્વ સંધ્યાએ

પરમ પૂજ્ય સ્વામીજીએ સંતમંડળ તથા ભક્તજનોની સાથે કારગીલ વિજય દિવસની પૂર્વ સંધ્યા ઈન્ડો-તિબેટિયન બૉર્ડર ફોર્સ(ITBP)ના જવાનો સાથે ગાળી હતી. મહાબોધી ઈન્ટરનેશનલ મેડિટેશન સેન્ટરના અધ્યક્ષ પૂજ્ય સંઘસેનાજી પણ પૂજ્ય સ્વામીજી સાથે જોડાયા હતા. આ પ્રસંગે ઈન્ડો-તિબેટિયન બૉર્ડર ફોર્સના ડી.આઈ.જી. માનનીય નેગીજી તથા અન્ય ઓફીસરોએ પૂજ્ય સ્વામીજીનું ભાવપૂર્ણ સ્વાગત કર્યું હતું. સ્વામીજીનું દેશભક્તિના રંગથી રંગાયેલું જોશીલું પ્રવચન સાંભળી સર્વ ઓફીસરો તથા જવાનો પ્રભાવિત થયા હતા અને અવારનવાર તોલીઓના નાદથી સ્વામીજીના શબ્દોને વધાવતા હતા.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ઈન્ડો-તિબેટિયન બૉર્ડર ફોર્સના ઓફીસરો તથા જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અધિક માસમાં સર્વમંગલ સેવાયજ્ઞ

રીબડા, રાજકોટ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રીબડા-રાજકોટ ખાતે અધિક માસ દરમિયાન સમાજસેવાના અનેક આયોજનો કરવામાં આવ્યા છે. પૂજ્ય સ્વામીજી તથા પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે ગાયોને ઘાસચારો અર્પણ, ગામડાઓની વિવિધ મેડીકલ કેમ્પ, શાળાઓમાં શિક્ષણ સહાય, વિદ્યાર્થીઓને અભ્યાસની કીટ અર્પણ, બ્રહ્મભોજન-પૂજન, નૂતન મંદિર નિર્માણ સહાય, મંદિરોના પૂજારીઓનું પૂજન, કીડિયારુ પૂરવું, તીર્થઓમાં વસતા સાધુ-સંતોને ભોજન, ચબુતરામાં ચણ અર્પણ, વિધવાઓને સહાય, બાળકોને રમતકમગના સાધનો અર્પણ, માછલીઓને ભોજન, અંધ-અપંગ લોકોને સહાય, ગોશાળામાં ઘાસચારો, કૂતરાઓને ભોજન, દિવ્યાંગ લોકોને ટ્રીસાયકલ અર્પણ જેવા વિવિધ આયોજનો એક માસ સુધી કરવામાં આવ્યા હતા.

આ આયોજનો અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશભરમાં ચલાવવામાં આવેલી 'મેરી માટી મેરા દેશ' જુંબેશને ધ્યાનમાં રાખીને પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી વૃક્ષારોપણ તથા છોડ વિતરણનું આયોજન ખૂબ મોટા પાયે કરવામાં આવ્યું હતું.

ગુરુકુલના ઈતિહાસમાં એક મહિનામાં સેવાના આટલા આયોજનો લગભગ પહેલી વાર કરવામાં આવ્યા હતા. એક મહિનામાં સંતો, વિદ્યાર્થીઓ તથા ભક્તજનોએ આ આયોજનોમાં ઉત્સાહથી જોડાઈ સમાજ સેવા કરી હતી. ભજનની સાથે દિન-દુઃખિયાની સેવા કરવી એ જ ખરું ભગવાનને રાજી કરવાનું સાધન છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા ગુણાતીત પરંપરાનું પણ આ જ લક્ષ્ય રહ્યું હતું.

આ તમામ આયોજનોમાં રીબડા ગુરુકુલના સંચાલક શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામી, હરિનંદનદાસજી સ્વામી, ઋષિકેશદાસજી સ્વામી તથા ભક્તજનો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

SGVP ધર્મજીવનમ્ હોસ્ટેલ :-

અધિક માસ દરમિયાન ઈન્ટરનેશનલ હોસ્ટેલના વિદ્યાર્થીઓ દ્વારા હિંડોળા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં વિદ્યાર્થીઓએ ચોકલેટ, પેડા, ચમચી, અગરબત્તી, પેન્સિલ, રેશમના દોરા, દિવાસળી, તલ વગેરે વસ્તુઓના ઉપયોગ દ્વારા કલાત્મક હિંડોળાનું સુશોભન કર્યું હતું.

આ ઉપરાંત સમૂહ મહાપૂજા, ધૂન, મંત્રલેખન, સુંદરકાંડ પાઠ, ગૌપૂજન, વૃદ્ધાશ્રમમાં સેવા, અનાથાશ્રમ તથા દિવ્યાંગોની સેવા, વસ્ત્ર વિતરણ જેવા ભજન અને સેવાના પણ આયોજનો કરવામાં આવ્યા હતા. આ તમામ આયોજનોમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

SGVP દર્શનમ્ :- સંપૂર્ણ અધિક માસ દરમિયાન દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારોએ ભક્તિસભર અનેકવિધ આયોજનો કર્યા હતા. જેમાં જનમંગલ અનુષ્ઠાન, ચતુર્વેદ પારાયણ, ભક્તચિંતામણિ અનુષ્ઠાન, વિષ્ણુસહસ્રનામસ્ત્રોત્ર અનુષ્ઠાન, રુદ્રયાગ, મારૂતિયાગ, સુદર્શન યાગ, ગોપૂજન, રાજોપચારપૂજા જેવા વિવિધ આયોજનનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ તમામ આયોજનોમાં સંતો તથા ઋષિકુમારોએ ખૂબ શ્રદ્ધાપૂર્વક ભગવાનને સંભારી ભજન કર્યું હતું.

અમદાવાદ ગુરુકુલ :-

અમદાવાદ ગુરુકુલમાં અધિકમાસ દરમિયાન નિત્ય સવાર-સાંજ ભગવાનનાં સાનિધ્યમાં ધૂન-કિર્તનનું આયોજન થયું. ખાસ કરીને સાંજે થતી ધૂન અને કીર્તનભક્તિમાં ખૂબ મોટી સંખ્યામાં ભક્તો જોડાતા હતા અને સત્સંગનો લાભ લેતા હતા.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી રામકૃષ્ણ તુલસીદાસ સોમૈયા :- મુંબઈ નિવાસી શ્રી રામકૃષ્ણભાઈ સોમૈયા તા ૨૬ જુલાઈ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. શ્રીજી મહારાજ, નારાયણમામા તથા સંતોના ખૂબ લાડીલા રામકૃષ્ણભાઈએ પોતાના જીવન દ્વારા એકાંતિક ભક્તનું ઉદાહરણ પૂરું પાડ્યું. સંતો અને મુક્તોની સેવા કરીને ખૂબ મોટો લાભ મેળવ્યો. એક સંત જેવું જીવનારા અને મહારાજની મૂર્તિમાં મગ્ન રહેનારા ભક્તરાજ, સૌના અતિ પ્રિય શ્રી રામકૃષ્ણભાઈ શ્રીજી માહારાજના સુખે સુખિયા થયા છે. પૂજ્ય સ્વામીજીએ સંતો સાથે મુંબઈ પધારી રામકૃષ્ણભાઈને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. મહારાજ સર્વ પરિવારજનોને ભજન કરવાની શ્રદ્ધા આપે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રણછોડભાઈ લવજીભાઈ પટેલ :- ગામ દેવપુરા નિવાસ શ્રી રણછોડભાઈ પટેલ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ શ્રી રણછોડભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી અભયભાઈ ભરતભાઈ પંડ્યા :- પુના નિવાસી પ.ભ. શ્રી અભયભાઈ પંડ્યા તા.૨૬ જુલાઈ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુદેવ શાસ્ત્રજી મહારાજ તથા સંતોના કૃપાપાત્ર પરિવારના શ્રી અભયભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પ્રેમજીભાઈ નારણ હિરાણી :- ગામ માનકુવા, હાલ લંડન નિવાસી પ.ભ. શ્રી પ્રેમજીભાઈ હિરાણી તા.૨૭ જુલાઈ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર લંડનમાં રહીને ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ પ્રેમજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ ગીગાભાઈ દેવસીભાઈ બાંટવા :- SGVP ગુરુકુળના નિષ્ઠાવાન સેવક ગોવિંદભાઈ બાંટવાના પિતાશ્રી ગીગાભાઈ બાંટવા તા ૬ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ગીગાભાઈ ખૂબ સાત્વિક અને ભજનિક હતા. એમણે પોતાના પુત્રોને ખૂબ ઉચ્ચે અભ્યાસ કરાવી સુખી કર્યા છે. એમના પુત્રો કાનાભાઈ, ગોવિંદભાઈ વગેરે ભાઈઓ ખૂબ સારો સત્સંગ રાખે છે અને સંસ્થાની સેવામાં જોડાયેલા છે. ભગવાન શ્રીહરિ ગીગાભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પરશોત્તમભાઈ મેઘજીભાઈ ગોલાદરા :- ગામ માંડવધાર નિવાસી શ્રીપરશોત્તમભાઈ ગોલાદરા તા ૫ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ પરશોત્તમભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ તેમના સુપુત્રો હરગોવિંદભાઈ અને દેવશીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હરેશભાઈ ગીરધરલાલ શાહ:- નાઈરાબી નિવાસી શ્રી હરેશભાઈ શાહ ૧૭ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. હરતુફરતુ ગુરુકુલ અને ઉત્સાહી ભક્ત હરેશભાઈના અક્ષરવાસથી એક સન્નિષ્ઠ સેવકની ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ હરેશભાઈના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સુપુત્ર નિખીલભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. વાલબાઈ કાનજીભાઈ પટેલ :- મૂળ મીર્જાપુર હાલ લંડન નિવાસી શ્રી વાલબાઈ પટેલ ૮ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રી હરિ વાલબાઈના આત્માને પોતાના ચરણોનું સુખ આપે અને સર્વે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. કંચનબેન જયંતિલાલ ગાંધી :- મુંબઈ નિવાસી તથા ગુરુકુલના સમર્પિત ગાંધી પરિવારના કંચનબેન ગાંધી ૧૭ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ગાંધી પરિવાર અને ગુરુકુલને નોખા ન કહી શકાય. ભગવાન સ્વામિનારાયણના સમયથી આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને સેવા કરે છે. ભગવાન શ્રી હરિ કંચનબેનના આત્માને પોતાના ચરણોનું સુખ આપે તથા સર્વે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૭/૦૯/૨૩ : ગુરુવાર : **જન્માષ્ટમી મહોત્સવ :** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, રાત્રે ૯:૦૦ કલાકે.
તા. ૧૦/૦૯/૨૩, રવિવાર : **અજા એકાદશી**
તા. ૧૩/૦૯/૨૩, બુધવાર : **પૂજ્ય જોગી સ્વામી ૧૨મી મુન્યતિથિ :** સાંજે - ૫:૦૦ કલાકે, છારોડી ગુરુકુલ
તા. ૧૯/૦૯/૨૩, મંગળવાર : **ગણેશ ચતુર્થી :** ગણેશ પૂજન, સવારે છારોડી ગુરુકુલ, સાંજે મેમનગર ગુરુકુલ
તા. ૨૪/૦૯/૨૩, રવિવાર : **હરિજયંતી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૨૭/૦૯/૨૩, મંગળવાર : **જલઝીલણી મહોત્સવ :** સવારે ૯:૦૦ કલાકે, દ્રોણેશ્વર ગુરુકુલ

અધિક માસ દરમિયાન રીબડા-રાજકોટ ગુરુકુલ ખાતે વૃક્ષારોપણ, બાળકોને રમકડા અર્પણ, દિવ્યાંગોને ટ્રાયસીકલ અર્પણ, બ્રહ્મપૂજન, વિવિધ મેડીકલ કેમ્પ, વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય, ગામડાના મંદિરોને આર્થિક સહાય જેવા અનેક આયોજનો થયા હતા.

અધિક માસ દરમિયાન SGVP ગુરુકુલ ખાતે વિવિધ હિંડોળા ઉત્સવ, દિવ્યાંગોને સહાય, વૃદ્ધાશ્રમમાં સહાય, ગૌપૂજન, સમૂહ મહાપૂજા વિષ્ણુયાગ, સુદર્શનયાગ, વિવિધ અનુષ્ઠાન, રુદ્રાભિષેક, રાજોપચાર પૂજન, સુંદરકાંડ પાઠ વગેરે આયોજનો કરવામાં આવ્યા હતા.

શ્રીસ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે શ્રાવણ માસમાં દ્રોણેશ્વર મહાદેવનું પૂજન તથા
સોમનાથ-જૂનાગઢ જિલ્લામાં થયેલી અતિવૃષ્ટિ પ્રસંગે અસરગ્રસ્ત ગામડાઓમાં લોકોને ફૂડપેકેટનું વિતરણ કરાયું હતું.

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

પૂજ્ય સ્વામીજી તથા સંતો-ભક્તોએ કશ્મીરની યાત્રા દરમિયાન કારગીલ વૉર મેમોરિયલ, દ્રાસ, લેહ-લદ્દાખ વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. જ્યાં સૈનિકો, સુફીઓ તથા રાજકીય તથા સામાજિક આગેવાનોની સ્વામીજી સાથે મુલાકાત થઈ હતી.

To.

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-